ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
વિદ્યુત લોકપાલ, ગુજરાત રાજ્ય,
પોલીટેકનીક કમ્પાઉન્ડ, બેરેક નં.૩, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૧૫

સમક્ષ

કેસ નં.૫૪/૨૦૧૬

અરજદારઃ શ્રી દિલીપભાઇ રતિલાલ આહયા
કસ્તુરબા આશ્રમનું ક્વાર્ટર,ટેલીફોન એક્ષચેન્જની પાછળ,
કસ્તુરબા ધામ-૩૬૦૦૨૦.તંબા. જી. રાજકોટ.

રજૂઆત કરનારઃ શ્રી દિલીપભાઇ રતિલાલ આહયા

વિરૂધ્ધ

સામાવાળા : કાર્યપાલક ઇજનેર
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.
વિભાગીય કચેરી, જસદણ. જી. રાજકોટ.

રજૂઆત કરનારઃ ૧) શ્રી બી.આર.વડાવીયા,કાર્યપાલક ઇજનેર, પીજીવીસીએલ, જસદણ
૨) શ્રી જે.આર.મરડીયા,નાયબ જનેર, પીજીવીસીએલ, તબા

:: **રજૂઆત** ::

૧.૦. અરજદારે, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમના ફરીયાદ નં.૭૧/ક્વા.૦૩/૨૦૧૫-૧૬ અન્વયે અપાયેલ હુકમ નં.૨૧૨૨ તા.૨૯.૦૨.૨૦૧૬ થી નારાજ થઇ અત્રે રજૂઆત કરેલ છે, જે રજૂઆતને આ કચેરીના કેસ રજીસ્ટરે દાખલ કરી કેસ નં.૫૪/૨૦૧૬ થી નોંધેલ છે. સદર કેસની સૂનાવણી તા.૨૮.૦૪.૨૦૧૬ ના રોજ રાખવામાં આવી.

૨.૦. સૂનાવણી દરમ્યાન અરજદારે નીચે મુજબ રજૂઆત કરી.

૨.૧. અરજદાર વર્ષ ૧૯૭૯ થી વર્ષ ૧૯૯૭ સુધી કસ્તુરબા આશ્રમની માતૃસંસ્થા રાષ્ટ્રિય શાળાના રેકોર્ડ પર નોંધાયેલ ચરવડા રેંટિયો કાંતનાર છે. અરજદારના પિતાશ્રી તથા દાદાશ્રી પણ આ જ સંસ્થામાં જોડાયેલ હતા. અરજદારને સદર સંસ્થાના હિસાબનું કામ વર્ષ ૧૯૯૬ માં સોંપવામાં આવેલ, તેમજ ચરખા કેન્દ્રનું કામ પણ સોંપવામાં આવેલ. વર્ષ ૨૦૦૪ માં અરજદારને સદર સંસ્થામાં એક રૂમ/ક્વાર્ટર આપવામાં આવેલ. વર્ષ ૨૦૦૫ માં સંસ્થાના કામ અર્થે રાત્રે રોકાવાની જરૂર ઉભી થતાં વીજ જોડાણ તેમજ મીટર, જે બંધ/ખામીયુક્ત હતાં, તે ચાલુ કરાવવા અરજદારે કાર્યવાહી કરેલ.

૨.૨. સદર જગા/રૂમમાં વર્ષ ૧૯૯૬થી ૨૦૦૧ સુધા (પોસ્ટ ઓફિસે મકાન ખાલી કરી આપ્યું ત્યાં સુધી) સદર વીજ જોડાણ બંધ હતું, અને પોસ્ટ ઓફિસ ધ્વારા વીજળીનો વપરાશ કરવામાં આવ્યો નહોતો, માત્ર મીટર ભાડાના બીલો સામાવાળા ધ્વારા આપવામાં આવતાં હતાં, જે કસ્તુરબા આશ્રમ ધ્વારા ભરપાઇ કરવામાં આવતાં હતાં. વર્ષ ૨૦૦૩-૨૦૦૪ના વીજબાલો પણ માત્ર મીટર ભાડાનાં આપવામાં આવેલ, જે સંસ્થાએ ભરપાઇ કરેલ. આમ, આ મીટર/વીજ જોડાણ કોઇપણ હિસાબે પોસ્ટ ઓફિસનું કહી શકાતું નથી.

૨.૩. વર્ષ ૨૦૧૧ માં સદર વીજ જોડાણ પોસ્ટ ઓફિસ, એટલે કે કોમર્શિયલ હેતુંનું હોવાના કારણે રૂ.૭૭૫૫/- ની audit recovery સામાવાળા ધ્વારા કરવામાં આવેલ, જેથી અરજદારે સામાવાળાની ઓફિસમાં પોસ્ટ ઓફિસનું પ્રમાણપત્ર તથા અરજદારનું declaration રજૂ કર્યું, જે સામાવાળા ધ્વારા સ્વિકારી Audit Bill ની recovery credit કરવામાં આવેલ, તે ભરપાઇ કરવામાં આવેલ. સદર વીજ જોડાણ અરજદારના નામે કરવાની ઇચ્છા હતી પરંતુ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીના ત્રાસના કારણે શક્ય ન બન્યું.

૨.૪. સદર સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીની ગેરરીતીઓને કારણે વર્ષ ૨૦૧૦ માં SUO Motto Scheme case No.13/2004 સંયુક્ત ચેરીટી કમિશ્નરની કચેરીમાં દાખલ થયેલ, જે આજે પણ પડતર છે. સદર વીજ જોડાણ કાપવાનું બોગસ letter-pad મેનેજીંગ ટ્રસ્ટીએ પોતે છપાવેલ છે. અરજદારે શ્રી સંજય ત્રાપસીયા, મેનેજીંગ ટ્રસ્ટી વિરૂધ્ધ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ પણ કરેલ, પરંતુ તે શખ્સની વિનવણીથી પાછી ખેંચેલ. સદર શખ્સ આજની તારીખે પણ આશ્રમનો કોઇપણ હોદ્દો ધરાવતો નથી.

૨.૫. ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ ધ્વારા અરજદારને ન્યાય મળેલ ન હોઇ, સદર રજૂઆત કરવામાં આવેલ છે. અરજદાર સદર વીજ જોડાણનો ગ્રાહક છે. સામાવાળાએ જુઠ્ઠી unauthorized letter-pad પરની રજૂઆતથી પીઠ પર ઘા મારી વીજ જોડાણ કાપી નાંખેલ છે, જે યથાવત થવું જોઇએ. સામાવાળાના સદર કૃત્ય અંગે તેઓને યોગ્ય સજા કરવા, અરજદારે વિનંતી કરી.

૨.૬. પેરા નં.૩.૬ની સામે અરજદારે તા.૦૪.૦૪.૨૦૧૬ના રોજ સામાવાળાને જણાવેલ છે કે વર્ષ ૨૦૦૫-૨૦૦૬ દરમ્યાન સદર વીજ જોડાણવાળું મીટર અરજદારે પોતાનું લગાવેલ છે. સદર જગ્યાએ સર્વોદય નિકેતન નામની સંસ્થા જ નથી.

૨.૭. અરજદારે તા.૧૧.૦૫.૨૦૧૬ના રોજ લેખિતમાં જણાવેલ કે નામદાર ફોરમ સમક્ષ પણ કસ્તુરબા આશ્રમ ટ્રસ્ટના ખરા ટ્રસ્ટી ધ્વારા સદર વીજ જોડાણ ન કાપવા જણાવવામાં આવેલ. અરજદારે સદર વીજ જોડાણ ચાલુ રાખવા અંગેનો હાલના ટ્રસ્ટી શ્રી સુરેશભાઇ ડી.મહેતાનો તા.૧૨.૦૫.૨૦૧૬નો પત્ર તથા કસ્તુરબા આશ્રમના સર્વે નં.૨૭૬ નો ૭/૧૨નો ઉતારો રજૂ કરેલ.

3.0. સૂનાવણી દરમ્યાન સામાવાળાએ નીચે મુજબ રજૂઆત કરી.

૩.૧. ત્રંબા ગામ ખાતે આવેલ કસ્તુરબા આશ્રમ – કસ્તુરબા ધામ વાળી મિલકત , જે ઘણાં વર્ષો પહેલાંથી જ કસ્તુરબા આશ્રમ, ગામ કસ્તુરબાધામ ટ્રસ્ટના કાયદેસરના ઉપભોક્તા હેઠળની છે. આ મિલકત પરના એક મકાનમાં (અરજદાર જેને ક્વાર્ટર કહે છે તે મકાનમાં) અગાઉથી પોસ્ટ ઓફિસ કાર્યરત હતી. "સર્વોદય નિકેતન પોસ્ટ ઓફિસ" ના નામનું એચએએલ નું નવું વીજ જોડાણ નં.60428/00129/7 (જુનો ગ્રાહક નં.34828/00129/8) અગાઉ વર્ષોથી આપવામાં આવેલ હતું.

૩.૨. સદર ઉપર્યુક્ત વીજ જોડાણને કાપવા (કાયમી ધોરણે રદ કરવા) કસ્તુરબા આશ્રમ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીના સિક્કા સાથેની સહીંવાળો લેખિત પત્ર ત્રંબા પેટા-વિભાગીય કચેરીને ઇનવર્ડ નં.૫૮૮ તા.૨૨.૦૭.૨૦૧૫થી મળેલ હતો. ત્યારબાદ અરજદાર શ્રી દિલીપભાઇ રતીલાલ ધ્વારા તા.૨૨.૦૭.૨૦૧૫ના રોજ ત્રંબા પેટા-વિભાગીય કચેરી ખાતે અરજી રજૂ કરી જણાવેલ કે સદર સવાલવાળું વીજ જોડાણ ગ્રાહક નં.60428/00129/7, અરજદારને જે ક્વાર્ટર્સ આપેલ છે તેમાં આવેલ છે, જેમાં અરજદાર કસ્તુરબા આશ્રમ, ગામ કસ્તુરબાધામના કર્મચારીના દરજ્જા હેઠળ રહે છે. સદર વીજ જોડાણ રહેણાંકવાળા મકાનમાં આવેલ હોઇ તે ન કાપવા માટે અરજદારે વિનંતી કરી.

૩.૩. પેરા નં.૩.૨ માં દર્શાવ્યા મુજબ ગ્રાહક નં.60428/00129/7 વાળું વીજ જોડાણ સામાવાળાના રેકોર્ડ પર સર્વોદય નિકેતન પોસ્ટ ઓફિસના નામનું હોઇ, સદર વીજ જોડાણ ચાલુ રાખવા/રદ કરવા મૂળ ગ્રાહક સર્વોદય નિકેતન પોસ્ટ ઓફિસની લેખિત મંજુરીની જરૂરીયાત જણાયેલ, જેથી ત્રંબા પેટા-વિભાગીય કચેરી ધ્વારા પોસ્ટ ઓફિસ, ત્રંબાને તા.30.૦૭.૨૦૧૫ના રોજ પત્ર નં.૧૯૧૭ પાઠવી સદર વીજ જોડાણ ચાલુ રાખવા બાબતે તેઓની સંમતિ/મંતવ્ય માંગવામાં આવેલ. ત્યારબાદ તા.૧૪.૧૦.૨૦૧૫ના રોજ ફરીથી સદર બાબત અંગે પોસ્ટ ઓફિસને યાદી પત્ર પાઠવવામાં આવેલ.

સદર મકાન તા. ૧૧.૦૮.૨૦૦૧થી ખાલી કરી આપેલ હોઇ, પોસ્ટ ઓફિસ, ત્રંબા ધ્વારા પત્ર નં.D/2.4 કસ્તુરબાધામ-૨૦૧૫ તા.૧૭.૧૧.૨૦૧૫ ના રોજ સદર મકાનનું વીજ જોડાણ તા.૧૧.૦૮.૨૦૦૧ની અસરથી રદ કરવા સામાવાળાની ત્રંબા ખાતેની ઓફિસને જણાવવામાં આવેલ. Senior Superintendent, Post Office, Rajkot Division, Rajkot ના સહીં સિક્કાવાળું તા. ૦૭.૦૯.૨૦૧૧નું સદર સવાલવાળું મકાન ખાલી કરી આપવા અંગેનું પ્રમાણપત્ર પણ રજૂ કરેલ.

૩.૪. સવાલવાળું મકાન (અરજદાર જેને ક્વાર્ટર્સ કહે છે તે મકાન) કે જેમાં સર્વોદય નિકેતન પોસ્ટ ઓફિસના નામે વીજ જોડાણ ગ્રાહક નં.60428/00129/7 વાળુ વીજ જોડાણ આવેલ છે

જે રદ્દ કરવા માટે મૂળ જોડાણકાર અને સામાવાળાના મૂળ ગ્રાહક એવા પોસ્ટ ઓફિસ, ત્રંબા તરફથી તા.૧૭.૧૧.૨૦૧૫ની લેખિત અરજી મેળવી અને તેને આધારે રહેલ સદર સવાલવાળું વીજ જોડાણ રદ્દ બાતલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

૩.૫. મેનેજીંગ ટ્રસ્ટી, કસ્તુરબા આશ્રમ ટ્રસ્ટ ધ્વારા સદર વીજ જોડાણ રદ્દ કરવા અંગેની તા.૨૨.૦૭.૨૦૧૫ ની અરજી તેમજ સદર વીજ જોડાણના મૂળ ગ્રાહક એવા સર્વોદય નિકેતન પોસ્ટ ઓફિસની તા.૧૭.૧૧.૨૦૧૫ ની લેખિત અરજીના આધારે સદર વીજ જોડાણ ગ્રાહક નં.60428/00129/7 ને કાયમી ધોરણે રદ્દબાતલ કરવાની કાર્યવાહી કરી વીજ પૂરવઠો કાપવામાં આવેલ છે જે કાર્યવાહી નિયમોનુસાર છે.

૩.૬. ફોરમ ધ્વારા સદર ફરિયાદનો હુકમ સામાવાળા તરફે આવેલ હોઇ અરજદારને તા.૧૯.૦૩.૨૦૧૬ના રોજ પત્ર ધ્વારા જાણ કરી જણાવેલ કે સદર વીજ જોડાણ કાપી નાંખેલ હોઇ, વીજ મીટર સામાવાળાની કચેરીમાં જમા કરાવવાના કામમાં સામાવાળાને સહકાર આપવો.

:::: **<u>ચુકાદો</u>** ::::

૪.૦. સૂનાવણી દરમ્યાન અરજદારે કરેલ રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓને આધારે નીચે મુજબના નિર્ણય ઉપર આવું છું.

૪.૧. અરજદારે સદર વીજ જોડાણમાં ખામી યુક્ત મીટરની ફરિયાદ સામાવાળાને તા.૦૩.૦૫.૨૦૦૬ ના રોજ કરેલ છે, જેમાં જૂનો ગ્રાહક નં.૩૪૮૨૮/૦૦૧૨૯/૮ દર્શાવેલ છે. સામાવાળા ધ્વારા મીટર ટેસ્ટીંગ ચાર્જની રકમ રૂ.૬૦/-, રસીદ નં.૧૪૬૫૭૬ તા.૦૩.૦૫.૨૦૦૬થી ભરપાઇ કરાવવામાં આવેલ છે. આમ અરજદારની અરજી અન્વયે સામાવાળા ધ્વારા વર્ષ ૨૦૦૫ માં સદર વીજ જોડાણના મીટરની ફરિયાદની નોંધણી કરેલ છે.

૪.૨. તા.૨૯.૦૮.૨૦૧૧ની અરજદારની સામાવાળા નાયબ ઇજનેર, સરધારને લખેલ અરજી અન્વયે વીજ જોડાણ ગ્રાહક નં.૩૪૮૨૮/૦૦૧૨૯/૮ માં ટેરીફમાં તફાવતની રકમની વસુલાત અન્વયે અરજદારે Sr. Supdt. Of Post Office, Rajkot Division, Rajkot-1 નું સદર મિલકત વાળુ મકાન પોસ્ટ ઓફિસ ધ્વારા તા.૧૧.૦૮.૨૦૦૧થી ખાલી કરેલ છે તે મુજબનું સર્ટિફિકેટ રજૂ કરેલ છે. ત્યાર બાદ સદર વીજ જોડાણના વીજ બીલો અરજદાર/સંસ્થા ભરપાઇ કરતા આવેલ છે.

સદર વીજ જોડાણની સર્વિસ વાયર તૂટવાની ફરિયાદ પણ અરજદારે તા.૨૧.૦૪.૨૦૧૪ ના રોજ કરેલ છે, જે ફરિયાદનો પણ સામાવાળા ધ્વારા નિકાલ કરવામાં આવેલ છે.

૪.૩. મેનેજીંગ ટ્રસ્ટી, કસ્તુરબા આશ્રમ ધ્વારા સામાવાળાને તા.૨૨.૦૭.૨૦૧૫ના રોજ સદર વીજ જોડાણ રદ કરવાની અરજી કરવામાં આવેલ છે જેમાં મેનેજીંગ ટ્રસ્ટી ધ્વારા ગ્રાહક

નં.૩૪૮૨૮/૦૦૧૨૦/૮ દર્શાવેલ છે, તેમજ સદર મકાનમાં સ્થિત પોસ્ટ ઓફિસ અન્ય સ્થળે ખસેડાઇ હોવાથી વીજ જોડાણની જરૂર ન હોઇ, સદર વીજ જોડાણ રદ કરવા જણાવેલ છે.

૪.૪. સામાવાળા ધ્વારા પેરા નં.૩.૨માં દર્શાવેલ અરજી અન્વયે સદર વીજ જોડાણ ગ્રાહક નં.૩૪૮૨૮/૦૦૧૨૯/૮ મૂળ ગ્રાહક પોસ્ટ ઓફિસને પેરા નં.૩.૩માં દર્શાવ્યા મુજબની વિગતોને ધ્યાને લીધા બાદ સદર વીજ જોડાણની જરૂરિયાત ન હોવાના કારણે સદર વીજ જોડાણ કાપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

૪.૫. અરજદારની પેરા નં.૨.૪ ની રજૂઆત અન્વયે મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સંજય ત્રાપસીયા વિરૂધ્ધ સંયુક્ત ચેરીટી કમિશ્નરશ્રી, રાજકોટ સમક્ષ ટ્રસ્ટી હોવા અંગેનો કેસ પડતર છે તેમ જણાવેલ છે.

૪.૬. કસ્તુરબા આશ્રમ, ગામ કસ્તુરબાધામ ટ્રસ્ટના મિલકતમાં આવેલ મકાન/ક્વાર્ટર કે જેમાં અરજદારનું રહેણાંક છે, તેમાં સ્થાપિત વીજ જોડાણને સામાવાળા ધ્વારા કાપી નાખી અરજદારને વીજળીથી વંચિત કરેલ હોઇ, તે અંગેની રજૂઆત અરજદારે કરેલ છે.

૪.૭. અરજદાર, કસ્તુરબા આશ્રમ, ગામ કસ્તુરબાધામના કર્મચારી હોવાના કારણે સદર મકાનમાં રહેણાંક ધરાવે છે. વીજ જોડાણ ગ્રાહક નં.૬૦૪૨૮/૦૦૧૨૯/૭ જે અરજદારની રહણાંકની મિલકતમાં સ્થાપિત હોઇ, અરજદાર વીજ વપરાશ કરે છે. સદર વીજ જોડાણ કાપી નાખવાના કારણે અરજદાર વીજળીથી વંચિત બનેલ હોઇ અસરકર્તા પાર્ટી બનેલ હોઇ, સદર રજૂઆત કરેલ છે.

૪.૮. વીજ જોડાણ ગ્રાહક નં.૬૦૪૨૮/૦૦૧૨૯/૭ (નવો) જે 'સર્વોદય નિકેતન પોસ્ટ ઓફિસ' ના નામે સામાવાળા ધ્વારા વર્ષો અગાઉ પોસ્ટ ઓફિસના ઉપયોગ અર્થે ચાલુ કરવામાં આવેલ જેનો (જૂનો) ગ્રાહક નં.૩૪૮૨૮/૦૦૧૨૯/૮ છે.

૪.૯. અરજદારના જણાવ્યા મુજબ સદર વીજ જોડાણવાળી મિલકતનો ઉપયોગ કસ્તુરબા આશ્રમના કર્મચારી તરીકે તેઓ વર્ષ ૧૯૯૬ થી કરતા આવેલ છે, તેમજ સદર સંસ્થાના ક્વાર્ટરનો ઉપયોગ વર્ષ ૨૦૦૪ થી કરે છે જેનાં વીજબીલો પણ નિયમિત રીતે ભરતા આવેલ છે.

અરજદારે કસ્તુરબા આશ્રમ, કસ્તુરબાધામની રસીદ નં.૩૭૬/૩૧.૦૩.૨૦૦૬, ૪૮૯/૧૬.૦૮.૨૦૦૮ તથા ૪૯૦/૧૬.૦૮.૨૦૦૮ રજૂ કરી. તેઓના નામે વસુલ કરવામાં આવેલ મકાન ભાડાની પહોંચ મે-૨૦૦૫ થી માર્ચ-૨૦૦૬, સપ્ટેમ્બર-૨૦૦૬ થી જુન-૨૦૦૭ તથા જુલાઇ-૨૦૦૭ થી જુલાઇ-૨૦૦૮ની રજૂ કરેલ છે.

૪.૧૦. અરજદારે પેરા નં.૨.૭ માં દર્શાવ્યા મુજબ વીજ જોડાણ કાપવા અંગે અરજી કરનાર મેનેજીંગ ટ્રસ્ટી, કસ્તુરબા આશ્રમના મેનેજીંગ ટ્રસ્ટી નથી. અરજદારે તા.૦૩.૧૨.૨૦૧૫ના રોજ કસ્તુરબા આશ્રમના ટ્રસ્ટી શ્રી સુરેશભાઇ ડી. મહેતાનો પત્ર જે સામાવાળાને લખાયેલ છે તે રજૂ કરેલ

છે, જેમાં ઇલેક્ટ્રીક મીટર નં.૨૮૭૯૨૪૦ ના વીજ જોડાણને કાપવા અંગેની અરજીને ધ્યાને ન લેવા અંગે જણાવેલ છે તેમજ તેઓ ધ્વારા પોતે senior most Trustee હોવા અંગેની P.T. Register ની નકલ સામેલ કરેલ છે. આથી સદર વીજ જોડાણ ગ્રાહક નં.૬૦૪૨૮/૦૦૧૨૯/૭ અંગે કસ્તુરબા આશ્રમ ટ્રસ્ટના બન્ને ટ્રસ્ટી ધ્વારા ભિન્ન રીતે મંતવ્યો રજૂ કરેલ છે.

૪.૧૧. અરજદાર, ગ્રાહક નં.૬૦૪૨૮/૦૦૧૨૯/૭, જે મકાનમાં સ્થાપિત છે તે મકાનમાં રહેણાંક ધરાવે છે જે કસ્તુરબા આશ્રમ, ગામ કસ્તુરબાધામના કર્મચારી હોવાના નાતે સદર મકાનના વપરાશકર્તા છે. કસ્તુરબા આશ્રમના ટ્રસ્ટીઓ વચ્ચે સદર વીજ જોડાણને કાપી નાખવું કે ચાલુ રાખવું તે અંગે અલગ-અલગ મંતવ્યો છે. આથી સામાવાળાને સૂચિત કરવામાં આવે છે કે સંબંધિત સંયુક્ત ચેરીટી કમિશ્નરશ્રી, રાજકોટ ખાતે સદર કસ્તુરબા આશ્રમ ટ્રસ્ટ, ગામ કસ્તુરબાધામના ટ્રસ્ટીઓની વિગતો સંદર્ભમાં લઇ સદર ટ્રસ્ટનો વહિવટ સંબંધિત જે ટ્રસ્ટી ધ્વારા થાય છે, તે નિર્ણિત કરીને તદનુસાર તે પરત્વે નિયમોનુસાર સદર વીજ જોડાણની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવી.

૪.૧૨. આથી પેરા નં.૪.૧૧ મુજબ હુકમ કરવામાં આવે છે.

૪.૧૩. ખર્ચ અંગે કોઇ ચુકાદો નથી.

૪.૧૪. અરજદારની અરજી/રજૂઆત આ સાથે ફેંસલ કરવામાં આવે છે.

(દિલીપ રાવલ)
વિદ્યુત લોકપાલ
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

અમદાવાદ
તા.૩૦.૦૫.૨૦૧૬.